ધનતેરસની પૂર્વ સંધ્યાએ એ.ટી.એમ. હાંફ્યાં..!!

દિપોત્સવી પર્વ : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં દિપાવલીની છેલ્લી ખરીદીથી બજાર ગ્રાહકોથી ઉભરાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વાઘ બારસથી દિપોત્સવી પર્વનો આરંભ થયો છે. રવિવારથી બજારોમાં તહેવારોની છેલ્લી ઘડીની ખરીદી નિકળતાં બજારો ગ્રાહકોની હાજરીથી ઉભરાઈ રહ્યાં હતાં. જ્યારે તહેવારોની ખરીદી માટે બેન્કના એ.ટી.એમ.માં પૈસા ઉપાડવા માટે ગ્રાહકોનો સવારથી ધસારો રહેતાં એ.ટી.એમ. હાંફી ગયાં હતાં. જ્યારે છેલ્લી ઘડીએ ફટાકડા, તૈયાર વસ્ત્રો, ઈલેક્ટ્રીક ચીજવસ્તુઓ તેમજ ફુટવેર બજારમાં સારી ખરીદીથી વેપારીઓ મલકાઈ ઉઠ્યા છે.

જિલ્લામાં દિપાવલીના પર્વની ઘેર..ઘેર અને સોસાયટીઓ તેમજ જાહેર સ્થળોએ ભવ્ય ઉજવણી માટે સ્થળો રોશનીથી ઝળહળી ઉઠ્યાં છે. હમણાં સુધી ફટાકડા તેમજ કાપડ બજારમાં મંદીનો માહોલ જોવા મળતાં મોટું રોકાણ કરનારા વેપારીઓ ચિંતામાં સરી પડ્યા હતા. પરંતુ ધનતેરસની પૂર્વ સંધ્યાએ બજારોમાં ખરીદીની ભીડ ઉમટતાં વેપારીઓને ખાસ્સી રાહત થઈ હતી. જિલ્લામાં તૈયાર વસ્ત્રો તેમજ છેલ્લી ઘડીથી તેજી જોવા મળી હતી. જ્યારે ખરીદી માટે બેન્કોમાં પૈસા ઉપાડવા માટે સવારથી સાંજ સુધી ધસારો રહેતાં અનેક વિસ્તારોમાં એ.ટી.એમ. હાંફી ગયાં હતાં.

જિલ્લામાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના મોટાભાગના તાલુકા મથકોએ સરકારી કર્મચારીઓ ઉપરાંત બેન્કના અન્ય ગ્રાહકોએ ભારે ખરીદી કરતાં અને એ.ટી.એમ.માંથી રોકડ રકમ ઉપાડવાનું શરૂ કરતાં સોમવાર બપોર સુધીમાં જિલ્લાના મોટા ભાગના તાલુકા મથકોએ એ.ટી.એમ.માંથી પૈસા ઝડપથી ન નિકળતાં ગ્રાહકો સલવાઈ ગયા હતા. જિલ્લામાં દિપોત્સવી પર્વની શરૂઆત થઈ જતાં પ્રજા પણ મોંઘવારીને ભૂલી તહેવારોનો ઉત્સાહપૂર્વક આનંદ લેવા માટે સજ્જ થઈ છે.

હાઈટેક યુગમાં રોજગારી બચાવી લેવાના મરણીયા પ્રયાસ

જિલ્લામાં આજે પણ કોડીયા બનાવતા પરીવારોની મહેનત ઉપર પ્રજા આફરીન : ઘેર-ઘેર ફરી રૂપિયા ૧૦૦ માં આપવામાં આવતાં ૧ ડઝન કોડીયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ હાઈટેક યુગમાં રોશની અને ઝેલવાળા દિવડાનું ચલણ વધ્યું છે. તેમ છતાં હાઈટેક યુગમાં રોજગારી બચાવવા કોડીયા બનાવનારા કારીગરો અને તેમના પરીવારના મરણીયા પ્રયાસ અને મહેનત ઉપર પ્રજા આફરીન બની છે શહેરી અને ગ્રામ્યવિસ્તારમાં કોડીયા બનાવનાર પરીવારો પોતાના કાયમી ગ્રાહકો ઉપરાંત અન્ય લોકોને ઘેર-ઘેર પહોંચી રૂા.૧૦૦ માં કલરીન અને સાદાં કોડીયા આપી વ્યવસાયને બચાવવાના પ્રયાસ કરી રહ્યા છે.

મોંઘવારી વધવાની સાથે આમઆદમીની આવકમાં પણ વધારો જોવા મળ્યો છે. ગુજરાત સહિત દેશનો અનેકગણો વિકાસ થયો છે પરંપરાગત કુશળ કારીગરોના દિકરાઓએ વધુ અભ્યાસ પછી ધંધાને હાઈટેક બનાવાની સાથે ઓનલાઈન વેપારનો ભરપૂર ઉપયોગ કરી ધંધાને નવી ગતિ આપવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ કુંભાર-પ્રજાપતિ

સહિતના કેટલાંક પરીવારોમાં હજું પણ શિક્ષણનું સ્તર સામાન્ય છે અને તેમના ત્યાં આજે પણ માટી લાવી યોગ્ય રીતે તેને ગુંદી અને પછી દિપાવલીના એક પખવાડીયા અગાઉ અવનવી વેરાઈટીના માટીના કોડીયા બનાવાની શરૂઆત થાય છે. સાબરકાંઠા-અરવલ્લીના માત્ર ૮ સ્થળોએ હાથથી કોડીયા બનાવામાં આવે છે અને કોડીયા તૈયાર થયા પછી ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે. વર્ષોથી અનેક કુંભાર અને પ્રજાપતિ સમાજ કે જે કોડીયા, માટીના ઘડા બનાવાના વ્યવસાયમાં સામેલ છે તેવા પરીવારો પોતાના કાયમી ગ્રાહકોને કોડીયા અને માટીના ઘડા આપતા હોય છે અને તેમને જે બક્ષિસ મળે તે લઈ ખુશાલી વ્યક્ત કરતા હોય છે.

સ્વમાની પરીવારો દ્વારા જે પણ કંઈ મળે તેનાથી સંતોષ વ્યક્ત કરતા હોય છે.પાછલાં ૫ દિવસથી કોડીયા બનાવતા પરીવારો ઘેર-ઘેર ફરી કોડીયા આપી રહ્યા છે અને તેમના કોડીયાના વેચાણથી જે પણ કંઈ આવક મળે તેનાથી અપાર ખુશાલી વ્યક્ત કરતાં દ્રશ્યો જોવા મળે છે. આધુનિકતાના તરફ વળેલા અનેક યુવાનો પણ હાઈટેક યુગમાં પોતાના ધંધા-રોજગાર બચાવવા પ્રયાસ કરનારા કારીગરોને પ્રોત્સાહિત કરતા પણ જોવા મળે છે.

દેખાય એટલું સાચું નથી

સાબરકાંઠા-અરવલ્લીના બજારોમાં ઘરાકી દેખાય પરંતુ વેપારમાં મજા નથી

મોટાભાગના વેપારીઓના મતે દિપમાલા પર્વ નબળું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ સાબરકાંઠા-અરવલ્લીમાં દિપામાલા પર્વ શરૂ થયું તે પૂર્વે બજારોમાં કોરોનાને નિમંત્રણ આપે તેવી હકડેઠેઠ ભીડ જોવા મળે છે. ભીડ જોઈને એમ લાગે કે બજારોમાં તેજી આવી છે. વેપારીઓને તડાકો પડ્યો છે પરંતુ દેખાય તેટલું સાચું નથી. જિલ્લાના શહેરી વિસ્તારોના બજારોમાં ઘરાકી દેખાય છે પરંતુ ખરીદી બહુ ઓછી છે. મોટાભાગના વેપારીઓના મતે દિપમાલા પર્વ ગત વર્ષ જેવું જ નબળું જણાઈ રહ્યું છે.

દર વર્ષે નિમયમીત આવતા તહેવારોના કારણે પ્રજાના નિરસ બનતા જીવનમાં ઉત્સાહનું સર્જન થતું હોય છે. કોરોનાના કારણે પ્રજા આર્થિક રીતે પાયમાલ થઈ ગઈ. વેપારીઓ પણ દેવાદાર બની ગયા અનેક ધંધાના શટર પડી ગયા. પરંતુ ઓગસ્ટ મહિના પછી કોરોનાનું સંક્રમણ સંપૂર્ણ કાબૂમાં આવ્યું અને ધંધા-રોજગાર ફરીથી ધમધમતાં થઈ રહ્યા છે. નવરાત્રિમાં બજારોમાંથી અદ્રશ્ય થયેલી રોનક ફરી જોવા મળી. જેનાથી વેપારીઓમાં નવો ઉત્સાહ જોવા મળ્યો. દિવાળીમાં ધૂમ ઘરાકીની આશા ઉભી થઈ.

ગારમેન્ટ સહિતના અન્ય વેપારીઓએ ઘરાકીની અપેક્ષાએ લાખો રૂપિયાનો માલ દુકાનોમાં ભર્યો. ખેતોની પાકઉપજ સારા ભાવથી વેચાતી થઈ અને કર્મચારીઓના મોટાભાગે ઑક્ટબર મહિનાના પગાર ઑક્ટોબર મહિનામાં મળી ગયા જેથી બજારોમાં છેલ્લા ૪-૫ દિવસથી ઘરાકી જોવા મળી. કોઈપણ વ્યક્તિ બજારમાં ખરીદી કરવા માટે જાય એટલે બજારમાં ચિક્કાર ઘરાકી તેવા દ્રશ્યો જોઈ પછી ખરીદી કરવા જઈશું તેવું માની ઘરે આવી જતાં અને રાત્રે ૮ પછી બજારમાં ખરીદી માટે જાય ત્યારે નિશાસા નાખતા વેપારીઓને સાંભળીને નવાઈ પામી જતાં હોય છે. જિલ્લાના બજારામાં દેખાતી ઘરાકી ગ્રાહકના રૂપમાં પરિવર્તિત થઈ નથી તેના પાછળ બે કારણો છે કાંતો વેપારીઓએ બેફામ વધારો કર્યો હોય અને બીજું કારણ જિલ્લાની મોટાભાગની પ્રજાએ ડિસ્કાઉન્ટમાં મળતી અનેક ચીજવસ્તુઓ અમદાવાદ જેવા શહેરોમાં જઈને ખરીદી કરી હોય પરંતુ ભીડ જામવાનો કારણ શું ? તે વેપારીઓ હજું પણ સમજી શક્યા નથી.

અરવલ્લી બહુમાળી ભવનનો ધવલ માટીની સોડમ લઈને ચુપ થઈ જતાં આશ્ચર્ય

ભ્રષ્ટ્રાચારી ધવલના કરતૂતો ઉપર અનેકની બાજ નજર

હિંમતનગર તા.૦૧ અરવલ્લી બહુમાળી ભવનનો સરકારી કર્મચારી ધવલ માટીની સોડમ લઈને ચુપ થઈ જતાં આશ્ચર્ય સર્જાયું છે.ભ્રષ્ટ્રાચારીની છબી અંકિત થયા પછી ધવલના કરતૂતો ઉપર અનેકની બાજ નજર ટેકવાઈ ગઈ છે. ઉઘરાણાંમાં માહેર ધવલએ નિર્દોષ કિશનનો ભરપૂર ઉપયોગ કર્યા પછી એક પછી એક તેના કરતૂત બહાર આવતાં ધવલ ઉપર શંકા વ્યક્ત કરતો થઈ ગયો છે. આવનાર દિવસોમાં ધવલના કરતૂતોથી પરેસાન એકમોના માલિકો મોરચો માંડે તો નવાઈ પામવા જેવું નહિ હોય.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે નવરચિત અરવલ્લી જિલ્લો અસ્તિત્વમાં આવ્યો ત્યારે મોડાસાની ધરતી ઉપરથી ગર્જના કરી હતી કે સમગ્ર રાજ્યના જિલ્લાઓમાં અરવલ્લી જિલ્લો સૌથી વધુ વિકસીત જિલ્લો બની રહેશે. ૭ વર્ષ પહેલાનું આ નિવેદન અત્યારે જોવામાં આવે તો પરિસ્થિતિ એ છે કે અરવલ્લી જિલ્લામાં સરકારી બાબુઓના વધતાં ભ્રષ્ટ્રાચાર અને કનડગતથી પ્રજા હેરાન-પરેસાન થઈ ગઈ છે અને તેનું પરીણામએ આવ્યું કે વર્ષ-૨૦૧૭ની વિધાસભાની ચુંટણીમાં એકપણ બેઠક મળી નહિ.

જ્યારે ૨૦૧૯ની વિધાનસભા પેટા ચુંટણીમાં પણ હારનો સામનો કરવાની નોબત આવી હતી. જિલ્લામાં ભાજપ હોય કે કોંગ્રેસ તેમના નેતાઓની તિતૂડી ભ્રષ્ટ અધિકારીઓ સાંભળતા નથી. જેથી અન્ય કાર્યકરો અને પ્રજા પણ હવે નેતાઓનું સંભળાતું ન હોય તો અમારૂં કોણ સાંભળવાનું છે ? તેવું વિચારી ભ્રષ્ટ અધિકારીઓને નૈવેદ્ય ધરીને પોતાનું કામ પૂરું કરાવી દે છે. જ્યારે પાછલા ૫ દિવસથી બહુમાળી ભવના ભોંયતળિયા વિસ્તારમાં ભ્રષ્ટ્રાચારી ધવલની ભારે બોલબાલા છે. હવે ધવલને માટીની સોડમ પસંદ આવતા તે તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આવનારા દિવસોમાં માટીમાંથી ધવલને કઈ ઝવેરાત મળી કે પછી સેન્દ્રિય તત્વોથી સંતોષ માન્યો તે વિગતો બહાર આવે તેમ છે.

જિલ્લાના બહુમાળી ભવનમાં ભાજપના આગેવાન અધિકારી વચ્ચે જીભાઝોળી

જિલ્લાના બહુમાળી ભવનમાં ભ્રષ્ટ્રાચારથી પંકાયેલી અને માફિયાઓના હાથે સામાન્ય જાપટો ખાવાની સાથે ગાળો સાંભળનારા વિભાગમાં કહેવાય છે કે ભાજપના આગેવાન અને અધિકારી વચ્ચે કોઈ મુદ્દે સામાન્ય ચકમક થઈ અને ત્યાર બાદ જીભાઝોળી થઈ જતાં આવી જ તકની રાહ જોતાં વિભાગના કેટલાંક ચકોર કર્મચારીઓએ મોબાઈલમાં તેનું ૯ મિનિટનું રેકોર્ડિંગ ઉતારી લઈને દિપાવલી પર્વ પહેલાં જ ફટાકડાની આતશબાજી જેવી મોજ માણવાની શરૂઆત કરી છે. આવનારા દિવસોમાં આ મુદ્દો પણ ચકરાવે ચડી શકે છે.

અર્થતંત્રને ખોરવી નાખવાનો કારસો : જિલ્લામાં તહેવારોની ખરીદીમાં બનાવટી ચલણ ફરતું કરાયાની આશંકા

બેન્કોમાં બનાવટી ચલણ જમા થયા પછી ભાંડો ફૂટશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં દિપાવલીના તહેવારોની ખરીદીની આડમાં બનાવટી ચલણ ફરતું કરાયાની આશંકા વ્યક્ત થઈ રહી છે. જ્યારે બનાવટી ચલણ બેન્કોમાં જમા થાય તે પછી જ નકલી ચલણનો ભાંડાફોડ થવાની આશંકા પ્રબળ બની રહી છે. જિલ્લામાં અર્થતંત્રને ખોરવી નાખવા માટે તહેવારોમાં જ બનાવટી ચલણ ઘુસાડવાનો કારસો રચાયાની ભીતી વ્યક્ત થઈ છે.

દેશના અર્થતંત્રને તહસ..નહસ કરવા માટે નાપાક તત્વો બનાવટી ચલણ સમય જોઈને ફરતું કરતા હોય છે તેમાંય મોટા તહેવારો સમયે બજારમાં સામાન્ય ખરીદીના અર્થે રૂા.૨૦૦૦ અને

૫૦૦ ના દરની બનાવટી ચલણી નોટો આસાનીપૂર્વક ચલણમાં ખપાવી દેવાતી હોય છે. જિલ્લામાં અત્યાર સુધીમાં બેન્કોમાં જમા થયેલ બનાવટી ચલણી નોટોની અસંખ્ય ફરિયાદો છતાં પોલીસ તંત્ર આજદિન સુધી મુખ્ય સૂત્રધારો સુધી પહોંચી શકી નથી જેથી બનાવટી ચલણી નોટોનું ભૂત ગમે ત્યારે ધૂણવા લાગતું હોય છે. જિલ્લામાં દિપાવલીના તહેવારો દરમ્યાન છેલ્લા દિવસોમાં બજારોમાં ધુમ ઘરાકીનો ફાયદો ઉઠાવી અર્થતંત્રને ખોખલું કરવાના ઈરાદે મોટાપાયે નકલી ચલણ ફરતું કરાયાની આશંકા વ્યક્ત થઈ રહી છે. વેપારીઓએ પણ ઘરાકીના ઘસારામાં નોટોને ચકાસ્યા વગર સ્વીકારી લીધી હતી પરંતુ પાછળથી ચલણી નોટો બનાવટી નિકળતાં બંન્ને જિલ્લાના અનેક વેપારીઓએ આ મુદ્દે મૌન સેવી લીધું છે. અન્ય બનાવટી ચલણી નોટો બજારમાં ફરતી થયા પછી બેન્કોમાં જશે ત્યારે બનાવટી ચલણી નોટોનો ભાંડાફોડ થવાની શક્યતા નકારી શકાતી નથી. અગાઉના વર્ષોમાં પણ તહેવારો દરમ્યાન બનાવટી ચલણી નોટો ફરતી કરાયા પછી બેન્કોમાં જમા થયેલા નકલી ચલણનો ભાંડો ફૂટ્યો હતો તેમ આ વખતે પણ બનાવટી ચલણ ઘુસાડવાનું ષડયંત્ર બહાર આવશે તેવું જણાઈ રહ્યું છે. અગાઉ પણ તહેવારોની આડમાં બનાવટી ચલણ ઘુસાડાયાના દિવસો પછી બનાવટી ચલણનું ભૂત તમામ વિસ્તારોમાં ધુણવા લાગતાં બેન્કોને એક પછી એક ફરિયાદ નોંધાવાની ફરજ પડી હતી તેવું જ આ વખતે પણ થાય તેમ લાગી રહ્યું છે.

જિલ્લામાં કરાર આધારીત-નવી ભરતી થયેલ કર્મચારીઓને પૈસા ઉઘરાવવા ફરમાન

સાબરકાંઠા જિલ્લામાં ભ્રષ્ટ સરકારી અધિકારીએ પોતાના કરતૂત ચાવરનારાઓને સાચવવા કરાર આધારીત તથા નવી ભરતી થયેલ કર્મચારીઓની મીટીંગ યોજી પૈસા ઉઘરાવવાનું ફરમાન કરતાં અન્ય કર્મચારીઓ સમ સમી ઉઠ્યા છે. જ્યારે સી.સી.ટી.વી.વાળી ચેમ્બરમાં મીટીંગ પછી અધિકારીની ઉંઘ હરામ થઈ છે. જો મીટીંગ સામે કોઈ પડકાર ફેંકે તો ભ્રષ્ટ અધિકારીનો ખેલ થઈ શકે છે. જિલ્લામાં વિકાસના કામો કરતાં ભ્રષ્ટાચારનો વેગ વધ્યો છે. દિવાલી પર્વ નજીક હોવાથી અનેક અધિકારીઓ પોતાના ખાસ માણસોને સાચવી કવર પ્રથા ઉપર ઉતરી આવ્યા છે. પરંતુ જિલ્લાનું એ.સી.બી. કેમ નિષ્ક્રીય છે તે જાગૃત પ્રજાને સમજાતુ નથી.

ગ્રામ પંચાયત ચૂંટણી : ઉત્તર ગુજરાતની ૧૪૬૫ ગ્રામ પંચાયતમાં ચૂંટણીનો ધમધમાટ વચ્ચે મામલતદારોની બદલી

ઉત્તર ગુજરાતના ૫ જિલ્લાની ૧૪૬૫ થી વધુ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી ડિસેમ્બરના મધ્યભાગમાં યોજાવાની છે તે પૂર્વે રાયના મહેસુલ વિભાગ દ્વારા ૧૧૫ મામલતદારોની સાગમટે બદલી કરી અનેક પરીવારોનું દિપાવલી પર્વ બગાડ્યું છે. વિધાનસભાની ચુંટણી અગાઉ સેમીફાઈનલ સમા જંગને ભાજપ-કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો હળવાશથી લેવાની તરફેણમાં નથી. જાહેરનામું પડતાંની સાથે કાતિલ ઠંડીમાં ચુંટણીનો રાજકીય ગરમાવો હાવી થઈ જશે.

ઉત્તર ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણી

જિલ્લો	ગ્રામ પંચાયત સંખ્યા
અરવલ્લી	૧૯૮
સાબરકાંઠા	૨૮૧
બનાસકાંઠા	૬૩૭
પાટણ	૧૮૬
મહેસાણા	૧૬૩

વર્ષ-૨૦૧૨ ની વિધાનસભા ચૂંટણી માટે રાજ્યના બંન્ને મુખ્ય રાજકીય પક્ષોએ જોરદાર ક્વાયત હાથ ધરી છે. ભા.જ.પ.ને સતત સત્તા જાળવી રાખવાનું માનસિક દબાણ ઉભું થયું છે. જ્યારે કોંગ્રેસને હવે સત્તાની ખુબ નજીક હોવાની ચળ ઉપડી છે. ત્યારે ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પણ ગણા ખરા અંશે વિધાનસભાની ચૂંટણી માટે મહત્વનું અંગ બની રહેતું હોય છે. વર્ષ-૨૦૨૨ના જાન્યુઆરી-ફેબ્રુઆરી પહેલાં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોમાં ડિસેમ્બર-૨૦૨૧ પહેલાં ચૂંટણી યોજવાની ગતિવિધિ તેજ બની છે. આમ તો અત્યારે ચૂંટણીનો માહોલ જામ્યો હોત પરંતુ સરકાર અને તેના મહેસૂલ વિભાગ દ્વારા વર્ષ-૧૯૯૪ પછી સતત અનામત આવતી સરપંચ પદની બેઠક કેટેગરી બદલવા મુદ્દે સરકારે તમામ જિલ્લા સમાહર્તાઓને સૂચના આપતાં છેલ્લા બે મહિનાથી ગ્રામ પંચાયતની ચૂંટણીની તૈયારી કરતા જિલ્લા ચૂંટણી તંત્રને ફરીથી નવેસરથી આયોજનનો એકડો ઘૂંટવાની ફરજ પડી છે. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધુ ૬૩૭ અને મહેસાણા જિલ્લામાં ૧૬૩ ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે.

મતદારોનો ટ્રેન્ડ જાણવા રાજકીય પક્ષો પોતાના કાર્યકરોને મેદાનમાં ઉતારશે

વર્ષ-૨૦૨૨ ના અંતમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ભા.જ.પ. અને કોંગ્રેસ એમ બંન્ને રાજકીય પક્ષો કોઈપણ ભોગે સત્તા હાંસલ કરવા અત્યારથી એડીટોચનું જોર લગાવી રહ્યા છે. ત્યારે ઉત્તર ગુજરાતની ૧૪૬૫ ગ્રામ પંચાયતોમાં પણ અંદરખાને રાજકીય પક્ષોએ પોતાના કાર્યકરોને સરપંચ પદની ચૂંટણીમાં મેદાનમાં ઉતારી વિધાનસભા ચૂંટણી અગાઉનો મતદારોનો ટ્રેન્ડ જાણવાનો પ્રયાસ કરશે જાણવા મળ્યું છે. ઉત્તર ગુજરાતની અનેક ગ્રામ પંચાયતો નગરપાલિકાનો દરજ્જો મેળવવાની ઘણી સમીપ પહોંચી છે. પંચાયતોમાં પણ ભાજપ-કોંગ્રેસ પોતાના કાર્યકરોને જંગમાં ઝંપલાવવા અંદરખાને લીલીઝંડી આપ્યાના અણસાર છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો ઠંડીની ઝપેટમાં

પરોઢની ઠંડીથી ગરમ વસ્ત્રોના વેચાણમાં ઉછાળો આવશે

બાયડ, તા. ૧ રાજ્યમાં શિયાળાનું આગમન થયુ છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લો પરોઢની ૧૬ ડીગ્રી તાપમાનથી ઠંડીની ઝપેટમાં આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં સમી સાંજથી અને શહેરી વિસ્તારોમાં મોડી રાત્રીથી ઠંડીનો ચમકારો અનુભવાય છે. ઠંડીનું જોર વધતાં અનેક લોકો ગરમ વસ્ત્રોમાં લપેટાઈ રહ્યા છે તે જોતાં ગરમ વસ્ત્રોના વેચાણમાં ઉછાળો આવી શકે છે.

ચોમાસુ એકાએક અદેશ્ય થયુ અને પછી ઉનાળા જેવી ગરમી અનુભવાતાં રવી વાવેતર વિલંબમાં પડે તેવી દહેશત હતી પરંતુ પાછલા ૪ દિવસથી પરોઢે ઠંડીનો ચમકારો વધુ ને વધુ તિવ્ર થઈ રહ્યો છે. ઠંડી વધવાની સાથે ખેડૂતોએ રવી સીઝનની ખેતી માટે તૈયારી કરવાનું મન બનાવી લીધુ છે. ઠંડી વધતાં બટાટા-ઘઉં-રાયડો-વરીયાળી-જીરૂ સહીતના પાકનું વાવેતર વધશે.

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૦ ઓક્ટોબરથી ખેડૂતોની માંગણી મુજબ સિંચાઈ માટે પાણી આપવાનો નિર્ણય કર્યો છે તેથી આગામી દિવસોમાં બન્ને જિલ્લામાં રવી વાવેતર વિસ્તાર વધશે. ઠંડીનો પ્રભાવ સવાર સુધી જોવા મળે છે. બપોરે ગરમી અનુભવાતા ખેડૂતો અત્યારે પણ કોઈ હીંમત કરવા તૈયાર નથી.